# પછાત મુસ્લિમોને અનામત : કોંગ્રેસ

નવી દિલ્હી,તા. ૨૫

દેશમાં ૧૦ પૈકી સાત તબક્કામાં ચૂંટણી પરિપૂર્ણ થયા બાદ સ્થિતિ ખરાબ દેખાવવાના સંકેત મળતા કોંગ્રેસે હવે પુરક ઘોષણાપત્ર જારી કરીને લઘુમતિઓને આકર્ષિત કરવાની આક્રમક રણનીતિ અપનાવી છે. પાર્ટીએ વચન આપ્યું છે કે, જો તે સત્તામાં આવશે તો પછાત મુસ્લિમોને ઓબીસી ક્વોટામાં સબ ક્વોટા નક્કી કરીને અનામત આપવાનો રસ્તો શોધશે. કોંગ્રેસે તમામ દલિત લઘુમતિઓને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવાનું વચન પણ આપ્યું છે. હવે જ્યારે માત્ર ૧૯૬ બેઠકો પર મતદાન બાકી છે ત્યારે કેટલાક સર્વે કહી રહ્યા છે કે કોંગ્રેસને માત્ર ૧૦૦ની આસપાસ બેઠકો મળી શકે છે. પાર્ટી પણ અંદર ખાને માને છે કે તે ખરાબ દેખાવ કરી શકે છે. ચૂંટણીમાં ભારે નુકસાન થઈ શકે છે. આવી સ્થિતીમાં કોંગ્રેસે હવે અંતિમ હથિયાર તરીકે મુસ્લિમોને ખુશ કરવા માટે નવી પહેલ કરી છે. જેથી લઘુમતિ સમુદાયને ખુશ કરવા માટે પગલા લેવામાં આવ્યા હતા. પુરક ઘોષણા પત્ર જારી કરીને કોંગ્રેસે કેટલાક નવા વચન આપ્યા છે. કોંગ્રેસે લઘુમતિના સશક્તિકરણવાળા હિસ્સામાં કહ્યું છે કે તે સત્તામાં આવસે તો પછાત મુસ્લિમોને ઓબીસી ક્વોટામાંથી ૪.૫ ટક અનામત આપવાની દિશામાં કામ કરશે. કોંગ્રેસે ૨૬મી માર્ચના દિવસે તેના ઘોષણાપત્રની જાહેરાત કરી હતી. હવે પુરક ઘોષણાપત્ર જારી કરવાની ફરજ પડી છે. કેટલાક રાજકીય પાર્ટી આને લઈને વિરોધ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. જેથી ચૂંટણી પ્રચાર દરમિયાન આ મામલો ઉઠે તેવી શક્યતા દેખાઈ રહી છે. કોંગ્રેસે લઘુમતિઓના સશક્તિકરણવાળા હિસ્સામાં કહ્યું છે કે, પછાત મુસ્લિમોને અનામત આપવા માટે કામ કરવામાં આવશે. હકીકતમાં હજુ ઓબીસી ક્વોટામાં પછાત મુસ્લિમો સામેલ છે પરંતુ આમા ધર્મના આધાર પર જુદા જુદા અનામતની વ્યવસ્થા નથી. કોંગ્રેસ પાર્ટી ઓબીસીના ૨૭ ટકા ક્વોટામાંથી મુસ્લિમો માટે ૪.૫ ટકાના સબ ક્વોટા નક્કી કરવાની વાત કરી રહી છે. અલબત્ત આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે. મનમોહનસિંહ સરકારે ૪.૫ ટકા પેટાક્વોટાની વાત કરી હતી પરંતુ કોર્ટે તેના ઉપર બ્રેક મુકી દીધી હતી. પાર્ટીએ કહ્યું છે કે, તમામ દલિત લઘુમતિઓને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવામાં આવશે. અલબત્ત ઘણા બધા દલિત સંગઠનો આનો વિરોધ કરી રહ્યા છે. હજુ સુધી અનુસૂચિત જાતિ હેઠળ માત્ર હિન્દુ અને બૌદ્ધ સંપ્રદાયના લોકો આવે છે. અનુસૂચિત જાતિની હદને વિસ્તૃત કરવામાં આવ્યા બાદ તેમના દલિત મુસ્લિમો અને ખ્રિસ્તી લોકો પણ સામેલ થશે. ત્યારબાદ તેમને પણ એસી ક્વોટાનો ફાયદો મળશે. ભાજપ આ પ્રસ્તાવનો શરૂઆતથી જ વિરોધ કરે છે.



## સ્કૂલ શિક્ષકને ચેતવણી બદલ મુલાયમને હવે નોટિસ મળી

નવીદિલ્હી,તા. ૨૫


ચૂંટણી પંચે સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવને કઠોર ચેતવણી આપીને કોઈ વધુ પગલા લેવાની શક્યતા હાલ નકારી કાઢી છે. સ્કૂલના શિક્ષકોને ધમકી આપવા બદલ મુલાયમસિંહ યાદવ પગલામાંથી સહેજમાં બચી ગયા છે. લોકસભાની ચૂંટણીમાં તેમની પાર્ટી માટે મત આપવા ઉત્તરપ્રદેશની સરકાર દ્વારા ધમકી આપવામાં આવી રહી છે. એવી ધમકી પણ આપવામાં આવી છે કે, તેમની પાર્ટીને મત નહીં આપનાર શિક્ષકો તેમના કાયમી દરજ્જાને ગુમાવી દેશે. તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન શિક્ષકોનો ઉલ્લેખ કરશે નહીં તેવી ખાતરી મુલાયમસિંહ દ્વારા આપવામાં આવ્યા બાદ ચૂંટણી પંચે માત્ર ચેતવણી આપી છે. કમિશને કહ્યું છે કે, મુલાયમે આ પ્રકારના સૂચનો કરીને આચારસંહિતાનો ભંગ કર્યો છે. જેથી ચૂંટણી પંચ ભવિષ્યમાં સાવધાન રહેવા મુલાયમસિંહને ચેતવણી આપે છે અને તેમની પાસેથી ચૂંટણી પ્રચાર દરમિયાન આવા કોઈપણ નિવેદન ન કરવા અપેક્ષા રાખે છે. આચારસંહિતાના ભંગ તરીકે આને જોવામાં આવે છે. કારણદર્શક નોટિસના જવાબમાં યાદવે કહ્યું છે કે, શિક્ષા મિત્રોને નિયમિત કરવાનો નિર્ણય ચૂંટણી પહેલા ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો. આમા સુધારો કરવાનો અધિકાર કોઈ પાર્ટીને નથી. ચૂંટણી પંચની કારણદર્શક નોટિસના જણાવ્યા મુજબ ત્રીજી એપ્રિલના દિવસે ઉત્તરપ્રદેશમાં બુલંદ શહેરમાં ચૂંટણી રેલી દરમિયાન યાદવે સમાજવાદી પાર્ટીને મત આપવા શિક્ષકોને ધમકી આપી હતી અને એમ પણ કહ્યું હતું કે, જો સપાને મત આપવામાં આવશે નહીં તો કાયમી શિક્ષકો તેમના દરજ્જાને ગુમાવશે. મુલાયમના પુત્ર અખિલેશ હાલમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે છે. શિક્ષામિત્ર ઉત્તરપ્રદેશમાં સરકારી પ્રાથમિક સ્કૂલોમાં હેડહોક ટિચરો તરીકે છે.

## રાહુલ ગાંધી દલિતોના ઘરમાં હનીમૂન મનાવે છે : રામદેવ

**રામદેવના વિવાદાસ્પદ નિવેદનથી ભારે હોબાળો : દલિતની પુત્રીની સાથે લગ્ન કરી લીધા હોત તો વડાપ્રધાન બન્યા હોત : રાહુલ ગાંધીનો ખરાબ સમય હવે શરૂ થયો**

લખનૌ, તા.૨૫

યોગગુરૂ બાબા રામદેવે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપર ફરી એકવાર વિવાદાસ્પદ નિવેદન કર્યું છે. રામદેવે કહ્યં છે કે, રાહુલ દલિતોના ઘરમાં હનીમૂન મનાવવા જાય છે. જો રાહુલ ગાંધીએ દલિતની પુત્રી સાથે લગ્ન કરી લીધા હોત તો હજુ સુધી વડાપ્રધાન પણ બની ગયા હોત. મને આશ્ચર્ય છે કે, રાહુલ દલિતની પુત્રી સાથે લગ્ન કેમ કરી રહ્યા નથી. પત્રકારો સાથે વાતચીતમાં ભાજપના સમર્થક રામદેવે કહ્યું હતું કે, રાહુલ ગાંધીના દુર્ભાગ્યની હવે શરૂઆત થઈ છે. રાહુલ સ્વદેશી યુવતી સાથે લગ્ન કરવા ઈચ્છુક નથી અને તેમની માતા જાણે છે કે, વિદેશી સાથે લગ્ન કરશે



તો તેઓ પીએમ બની શકશે નહીં. એવું લાગે છે કે, રાહુલના સૌભાગ્યનો અંત આવ્યો છે. રામદેવે કહ્યું હતું કે, ચૂંટણી બાદ મૈયા અને ભૈયા બંને ગાયબ થઈ જશે. રામદેવે કહ્યું હતું કે, આ ચૂંટણી દેશને બરબાદ કરી દેનાર કોંગ્રેસ માટે અંતિમ રહેશે. સોનિયા ગાંધીની સામે પહેલા તેઓ પ્રચાર કરવા ઈચ્છુક હતા પરંતુ તેમની ખરાબ તબિયતને લઈને હવે તેઓ પ્રચાર કરવા ઈચ્છુક નથી. હવે માત્ર અમેઠી ઉપર ધ્યાન આપશે. વારાણસી અને વડોદરામાંથી ભાજપના ઉમેદવાર નરેન્દ્ર મોદીના પત્નિને બાબા રામદેવના આશ્રમમાં છુપાવી દેવાના આરોપ અંગે ગુરૂએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, તેઓએ તો પોતે લગ્ન કર્યા નથી. રામદેવના શબ્દો હતા મૈને અપના બ્યાહ નહીં કરાયા તો દુસરો કી લુગાઈ કાહે છુપાઉંગા. અંગ્રેજી સાપ્તાહિક દ વિકે દાવો કર્યો હતો કે, મોદીએ વડોદરામાં ઉમેદવારી નોંધાયા બાદ પોતાના પત્નિ જશોદાબહેનને બાબા રામદેવના આશ્રમમાં પહોંચાડી દીધા હતા.

## લોકસભાની ચૂંટણી માટેના પરિણામ ચોંકાવનાર રહેશે


નવી દિલ્હી,તા. ૨૫

લોકસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ જ્યોતિષીઓ પણ સક્રિય થઈ ગયા હતા. પોત પોતાના સમીકરણ તૈયાર કરવામાં જ્યોતિષી લાગી ગયા છે. કેટલાક જ્યોતિષીએ આગાહી કરી છે કે લોકસભાની ચૂંટણીના પરિણામ તમામ લોકોને ચોંકાવનારા રહેશે. કારણ કે અપેક્ષા મુજબના પરિણામ મળશે નહી. બીજી બાજુ કેટલાક ચહેરા પરથી ખુશી જતી રહેશે. નવી લોકસભામાં જુના ચહેરાની બાદબાકી થશે તેવી આગાહી પણ કરવામાં આવી છે. લોકશાહીના આ તહેવારમાં કેટલાકની દિવાળી રહેશે તો કેટલાક હાલત કફોડી બની જશે. ગ્રહની ચાલની અસલ પરીક્ષા બીજી જુનના દિવસે થશે. જ્યારે કાલસર્પયોગમાં નવી લોકસભા જન્મ લશે. ૧૬મી મે ૨૦૧૪ની તારીખ અનેક નવા ચોંકાવનારા મામલા સપાટી પર લાવશે. જેનો રાજકીય નેતાઓ રાહ જોઈ રહ્યા હતા તે સમય આવી ગયા બાદ હવે જ્યોતિષીઓ પણ સક્રિય થઈ ગયા છે. તમામ રાજકીય પક્ષોના નેતાઓ પણ સતત સક્રિય રહ્યા છે. એકબ્બાજુ રાજકીય પક્ષો નવા સમીકરણની સાથે નવી ચાલ રમવા પોતાની પ્રતિષ્ઠામાં વધારો કરવા તૈયાર છે. બીજી બાજુ લોકો કોલસાની રાખ પોતાના હાથમાં લઈને પોતાની આગના હિસાબને માંગવાના મુડમાં દેખાઈ રહી છે. જ્યોતિષીની આગાહી મુજબ ૧૬મી મે ૨૦૧૪ની સવાર જુદી જ રહેશે. જેમાં આરોપોના વરસાદ અને ચુંટણીની પરિણામની ઉત્તેજના રહેશે. મંદિરો, દરગાહ અને ગુરુદ્વારામાં વિશેષ પુજા થશે. લોકો તેમની ઈચ્છા પૂર્ણ થાય તેવા પ્રયાસ કરતા નજરે પડશે. કેટલાક લોકો એ દિવસે વ્રત પણ રાખસે. ૧૬મી મેના દિવસે નવા ઈતિહાસની રચના થવા જઈ રહી છે. ૧૬મી મેના દિવસે જ્યોતિષીના કહેવી મુજબ અનેક ટોચના રાજકીય નેતાઓના દિમાંગના ફયુજ ઉંડી જશે. બુધના ઘરમાં શત્રુ મંગળની હાજરીમાં જ્યાં ખંડિત ચુકાદાની વાત કરે છે ત્યારે સુર્ય અને બુધની યુતિ બુદ્ધાદિત્ય યોગ બનાવીને અનેક દળોને સત્તાની તરફ પહોંચાડવા સંકેત આપે છે. જે આ આગાહીની સૌથી મહત્વપૂર્ણ બાબત છે. શુક્ર બૃહસ્પતિના ઘરમાં બેસીને જ્યાં અનેક અનુભવી ચહેરાને પછડાટ આપે છે. એક અથવા તો વધારે મહિલાઓના ઉદયની શક્યતા દેખાઈ રહી છે. અન્ય કેટલાક જ્યોતિષી પણ હાલમાં સમીકરણ તૈયાર કરવામાં લાગેલા છે.

## ટુજી કૌભાંડમાં ચાર્જશીટ દાખલ : કરૂણાનિધિની પત્નિનો ઉલ્લેખ

નવીદિલ્હી,તા. ૨૫

ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ. રાજા, ડીએમકેના સાંસદ કાનીમોઝી અને અન્ય ૧૭ લોકોના નામનો ઉલ્લેખ ઈડીની ચાર્જશીટમાં કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડ કેસ સાથે સંબંધિત મની લોન્ડરીંગ કેસના મામલે એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ખાસ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ઈડીએ રજૂ કરેલી તેની ચાર્જશીટમાં ડીએમકેના વડા કરૂણાનીધિના પત્નિ દયાલુ અમ્મલ સ્વાન ટેલિકોમ પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર શાહીદ ઉસ્માન બલવા, વિનોદ ગોયન્કાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. આ કેસમાં આરોપી તરીકે તેમનો ઉલ્લેખ કરવામાં





આવ્યો છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, એસટીપીએલના પ્રમોટરો દ્વારા ૨૦૦ કરોડ રૂપિયાની ચુકવણી ડીએમકે દ્વારા ચલાવવામાં આવતી કલેગનર ટીવીને કરવામાં આવી હતી. અંતિમ રિપોર્ટમાં આ કેસમાં આરોપી તરીકે ૧૦ વ્યક્તિગતો અને નવ કંપનીઓના નામનો ઉલ્લેખ છે. ઈડી દ્વારા મની લોન્ડરીંગ એક્ટની જોગવાઈ હેઠળ મની લોન્ડરીંગના ગુનાઓ બદલ તેમની સામે આરોપ મુક્યા છે. કુસેગાંવ ફ્રુટ્સ એન્ડ વેજિટેબલ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર આસીફ બલવા, રાજીવ અગ્રવાલ, બોલીવુડના ફિલ્મ નિર્માતા કરીમ મૌરાની, કલેગનર ટીવીના મેનેજિંગ ડિરેક્ટર શરદ કુમાર આ કેસમાં આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. ટુજી કૌભાંડ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહેલા અન્યમાં રાજા, કાનીમોઝી, શાહીદ બલવા, વિનોદ ગોયન્કા, આસીફ બલવા, રાજીવ અગ્રવાલ, કરીમ મૌરાની અને શરદ કુમારનો સમાવેશ થાય છે. સમગ્ર દેશને હચમચાવી મુકનાર ટુજી કૌભાંડ કેસમાં સીબીઆઈએ અગાઉ ચાર્જશીટ દાખલ કરી હતી. ઈડીની ચાર્જશીટ સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર નવીનકુમાર દ્વારા ખાસ સીબીઆઈ જજ ઓપી સૈની સમક્ષ રજૂ કરવામાં આવી હતી. નવીનકુમારે કહ્યં છે કે, તપાસ સંસ્થાએ ફંડ પ્રવાહમાં તપાસ કરી છે અને જાણાવા મળ્યું છે કે, આતમામ આરોપી લોકો દ્વારા નાણાંની ગેરરીતિ આચરવામાં આવી હતી. જજે ચાર્જશીટની નોંધ લેવા માટેની તારીખ ૩૦મી એપ્રિલ નક્કી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ટુજી કૌભાંડના કારણે સમગ્ર દેશ હચમચી ઉઠ્યો હતો. આમા અનેક મોટા માથાઓના નામ સપાટી ઉપર આવ્યા હતા. મહાકાય કંપનીઓ પણ સકંજામાં આવી હતી. જેમાં રિલાયન્સ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના ત્રણ કારોબારી અધિકારી ગૌત્તમ દોશી, સુરેન્દ્ર પિપારા અને હરિ નાયર પણ સામેલ છે. અનેક ટેલિકોમ કંપનીઓ પણ આરોપોનો સામનો કરી રહી છે. સીબીઆઈ દ્વારા બે ચાર્જશીટ દાખલ કરવામાં આવી ચુકી છે.

## સેંસેક્સ ૧૮૮ પોઈન્ટ ઘટી ૨૨૬૮૮ની નવી સપાટીએ

મુંબઈ,તા. ૨૫

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૧૮૮ પોઈન્ટ ઘટીને બંધ રહેતા ખળભળાટ મચી ગયો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૨૨૬૮૮ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૮ પોઈન્ટ ઘટીને ૬૭૮૩ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે ૧૮૪થી વધુ શેર એક વખતે બાવન સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. શેરબજારમાં મંદી રહી હોવા છતાં ૧૮૪ શેરમાં બાવન સપ્તાહની નવી ઉંચી સપાટી જોવા મળી હતી. સેંસેક્સ અને નિફ્ટી બંને લાઈફટાઈમ સપાટીએ રહ્યા હતા. જાણકાર લોકોનું કહેવું છે કે, શેરબજારમાં ઉથલપાથલ જારી રહી છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૨૯ ટકાનો ઘટાડો રહ્યો હતો પરંતુ ૧૫ જેટલા શેર ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. જે શેર બાવન સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા તેમાં એઆઈએ એન્જિનિયરિંગ, બજાજ ફાઈનાન્સ, યુપીએલ લિમિટેડ, વીએસટી ઈન્ડસ્ટ્રીનો સમાવેશ થાય છે. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૬૪ ટકાનો ઘટાડો રહ્યો હતો પરંતુ ૨૩ જેટલા શેર બાવન સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. અતુલ લિમિટેડ, એનસીસી, નેસ્કો, પ્રકાશ ઈન્ડસ્ટ્રી, પીટીસી ઈન્ડિયા, સ્ટરલિંગ હોલીડેનો સમાવેશ થાય છે. જાણકાર લોકોનું કહેવું છે કે, મોટી સંખ્યામાં શેર આજે બાવન સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચી ગયા હતા. શેરબજારમાં આ પ્રકારની સ્થિતિને લઈને કારોબારીઓ ખુશ દેખાયા હતા. જો કે, હાલ આ પ્રકારની સ્થિતિ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. લોકસભાની ચૂંટણી માટે જુદા જુદા તબક્કામાં મતદાન ચાલી રહ્યું છે જેના લીધે બજારમાં પણ ચર્ચા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે શેરબજારમાં કારોબાર બંધ રહ્યો હતો. ચૂંટણીના કારણે મુંબઈમાં કારોબાર થયો ન હતો. લોકસભાની ચૂંટણી બાદ કેન્દ્રમાં ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકાર આવશે તેને લઈને જુદા જુદા સર્વેના તારણ જારી કરાઈ રહ્યા છે.

## પ્રિયંકાએ વિકાસના ગુજરાત મોડલની જોરદાર ઝાટકણી કાઢી

રાયબરેલી,તા. ૨૫

પ્રિયંકા ગાંધીએ આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારોનો મારો જારી રાખ્યો હતો. પ્રિયંકાએ વિકાસના ગુજરાત મોડલની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હજારો એકડ જમીન નહીંવત કિંમતે તેમના મિત્રોને આપી દીધી છે. ક્લાસરૂમ તરીકે દેશની સાથે વર્તન કરવાનો મોદી ઉપર આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના પુત્રીએ તેમના માટે આક્રમક પ્રચાર કરતા કહ્યું હતું કે, તેમની એબીસીડીની વાત તમામને આશ્ચર્ય સર્જે છે. મોદીએ હાલમાં પ્રહારો દરમિયાન એબીસીડીની વાત કરીને સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને રોબર્ટ વાઢેરાની વાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું હતું કે, આ પ્રકારના આક્ષેપ કરવાના બદલે મોદીએ લોકોને કહેવું જોઈએ કે, તેમના માટે તેમની ભાવિ યોજના શું છે.



પ્રિયંકાએ ઉમેર્યું હતું કે, લોકો દરેક બાબત સમજે છે. તેઓ મોદીના ગુજરાત મોડલને પણ જાણે છે. મોદીએ હજારો એકડ જમીન પોતાના મિત્રોને આપી છે તે વાત પણ જાણે છે. તેમના વિકાસ મોડલ ઉપર ગુજરાતમાં વર્કરો અને ખેડૂતોની દશા શું છે તે બાબત લોકોને કહેવી જોઈએ. મહિલાઓ માટે તેમણે શું કર્યું છે તે કહેવું જોઈએ. લોકોને સંબોધતા પ્રિયંકાએ કહ્યું હતું કે, તેઓએ ટીવી ઉપર જંગી પ્રચાર કરતા અન્ય લોકો તરફ ધ્યાન આપવું જોઈએ. કભી એબીસીડી, કભી આરએસવીપી ઓર કભી દા સે દેશ ઔર કા સે કૌરવ, બા સે બંધ ભી કરીએ. અમે કોઈ ખાનગી સ્કૂલમાં વાત કરી રહ્યા નથી. દેશના લોકોને વાત કરી રહ્યા છે. મોદીએ હાલમાં જ યુપીએના ગવર્નન્સને આરએસવીપી મોડલ તરીકે ગણાવીને ઝાટકણી કાઢી હતી. જેમાં એક વ્યક્તિ તેમની કમાણીને પાંચ વર્ષમાં એક લાખથી ૪૦૦ કરોડ કરી શકે છે. આરએસવીપીનો પોતાના મતલબ રજૂ કરતા મોદીએ રાહુલ, સોનિયા, વાઢેરા અને પ્રિયંકાની વાત કરી હતી. મોદીએ એબીસીડીની વાત કરીને ભ્રષ્ટાચારના પ્રતિકની વાત કરી હતી. જેમાં એ એટલે આદર્શ, બી એટલે બોફોર્સની વાત કરી હતી. કોંગ્રેસ પાર્ટી હંમેશા દેશની એકતાનું સન્માન કરે છે.

## ગિરિરાજને રાહત : આખરે વચગાળાના જામીન મળ્યા

પટણા, તા. ૨૫

ઉશ્કેરણીજનક ભાષણો બદલ ધરપકડનો સામનો કરી રહેલા ભાજપના વરિષ્ઠ નેતા ગિરીરાજ સિંહને આજે સવારે કેટલીક રાહત મળી ગઈ હતી. કારણ કે પટણાની કોર્ટે ચૂંટણી પ્રચાર દરમિયાન તેમના ઘૃણાસ્પદ ભાષણના મામલે તેમના આગોતરા જામીન મંજૂર કર્યા હતા. જેથી તેમની હાલ ધરપકડ કરી શકાશે નહી. તેમના પર ધરપકડની તલવાર આ અગાઉ તોળાઈ રહી હતી.પટણા જિલ્લા અને સેશન્સ કોર્ટના જજ બિરેન્દ્ર કુમારે પટણા એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના સંબંધમાં સિંહને જામીન આપી દીધા હતા. ગિરરાજ સિંહે ગઈકાલે જિલ્લા કોર્ટમાં આગોતરા જામીન માટેની અરજી કરી દીધી હતી. તેમની ધરપકડ કરવા માટે તેમના આવાસ ઉપર બિહાર અને ઝારખંડ પોલીસની સંયુક્ત ટીમે દરોડો પાડ્યાના કલાકો બાદ જ આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. જિલ્લા જજ વિરેન્દ્ર કુમારની કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી છે. ૨૧મી એપ્રિલના દિવસે પટણામાં એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે તેમની સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના સંબંધમાં ગિરીરાજસિંહે આગોતરા જામીન અરજી કરી હતી. લોકપ્રતિનિધિત્વ ધારા ૧૯૫૦ અને ઈન્ડિયન પીનલ કોડની જુદી જુદી કલમો હેઠળ આ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ગિરીરાજે એમ કહીને પોતાના માટે મુશ્કેલી ઉભી કરી દીધી હતી કે નરેન્દ્ર મોદીનો વિરોધ કરનાર લોકોને પાકિસ્તાન જવું પડશે.

## પ્રભુનાથસિંહની ધરપકડ ઉપર ૧૯ સુધી સ્ટે

છપરા,તા. ૨૫

વિવાદોમાં ઘેરાયેલા આરજેડીના સાંસદ પ્રભુનાથસિંહને વચગાળાની રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં બિહારના સારન જિલ્લામાં કોર્ટે ૧૯મી મે સુધી તેમની ધરપકડ ઉપર સ્ટે મુકી દીધો છે. ચૂંટણી સંબંધિત ગુનાઓ બદલ તેમની સામે દાખલ કરવામાં આવેલી બે એફઆઈઆરના સંબંધમાં પ્રભુનાથસિંહની ધરપકડ થશે તેવી અટકળો ચાલી રહી હતી પરંતુ ૧૯મી મે સુધી તેમની ધરપકડ ઉપર સ્ટે મુકવામાં આવી ચુક્યો છે. જિલ્લા અને સેશન જજ નવનીતકુમાર પાંડેએ ૧૯મી મે સુધી પ્રભુનાથસિંહની ધરપકડને રોકવા સાથે સંબંધિત આદેશ જારી કર્યો હતો. ધરપકડની દહેશત બાદ આગોતરા જામીન અરજી કરવામાં આવ્યા બાદ કોર્ટ દ્વારા આ મુજબનો આદેશ કરાયો હતો.

## સમાચાર ઝલક

- પદ્મનાભ સ્વામી મંદિરના સ્પેશયલ ઓડિટનો હુકમ.
- સૌરાષ્ટ્રમાં મહિલા કર્મચારીઓને ચૂંટણીમાં રાત્રિ ફરજ સોંપાતા કચવાટ.
- પ્રથમવાર વિજ્ઞાન પ્રવાહની સાથે ગુજકેટનું પરિણામ જાહેર કરાશે. બોર્ડની તૈયારી.
- ઈંગ્લેન્ડની ઈચ્છા મુજબ વર્તતું પાક. ક્રિકેટ બોર્ડ-ભૂતપૂર્વ પાક. સુકાની રશિદ લતીફ.
- મોરબી તાલુકામાં બોગસ મતદાન કેસમાં આરોપીને દોષિત ઠેરવતી કોર્ટ ૧૯૯૯નો બનાવ.
- ડીસામાં ખોટા નામથી દવા ખરીદી બારોબાર વેચી દઈ ઠગાઈ કરી.
- ભાભર ગામે ઈસ્માની માતાના મંદિરે વાઘેલા દરબારોની ઐતિહાસિક બલિપ્રથા નાબૂદી માટે પ્રતિજ્ઞા.
- ચીનમાં ભારતીય નૌ સેનાનું જહાજ જોવા લોકો ઉમટી પડયા.
- નડીયાદના શ્રી રમેશભાઈ બારોટ બ્રેન ડેડ થતા તેમના અંગોથી ત્રણ જણને નવજીવન બક્ષ્યું બે દર્દીઓને કીડની અપાઈ એકને લીવર અપાયું.
- ન્યૂયોર્કની બાગાટેલ રેસ્ટોરાંમાં રૂ. ૬૧૦૦૦નો આઈસ્ક્રીમ મળશે.
- દક્ષિણ સુદાન-જાતીય હિંસામાં સેંકડોની હત્યા. સ્થિતિ અત્યંત નાજુક.
- દારૂ-પેસેન્જરોની ગેરકાયદે હેરફેર ઉપર પોલીસ કડક તપાસ કરવાના હુકમો.
- દક્ષિણ યમનમાં ડ્રોન હુમલાના પગલે ૩૦ જેટલા શંકાસ્પદ આતંકીઓનાં મોત.
- એ. રાજાની પુછપરછ માટે સી.બી.આઈએ ૧૮૦૦ પ્રશ્નોની સુચિ તૈયાર કરી છે.
- વડોદરામાં વર્ષમાં સૌથી મોટો સોદો થયો. ૩૭૫ કરોડમાં જમીન વેચાઈ.
- લોકસભાની ચૂંટણીમાં આઈ.પી.એલ. મેચો દબાઈ ગઈ.